**દેશમાં અને દુનિયામાં વારંવાર અવનવા પંથો ફૂટી નીકળે છે. જરાક ઝનૂન, જરાક વાણીશક્તિ અને જરાક શેતાનિયત ધરાવતો માણસ જોતજોતામાં તો લાખો ભોળિયાં માનવોને પોતાના ભક્ત બનાવી દે છે પણ ક્યારેક આવો પ્રભાવશીલ ‘ધર્માત્મા’ પાપાત્મા હોય છે...**




# મોટી બહેન કરોડપતિની વિધવા હતી અને નાની એની સેવક

રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

શહેરના નવા વિકસતા વિસ્તાર એસ.જી. હાઈવે પર બે પુરુષો ધીમી ધીમી વાતો કરતા ચાલ્યા જતા હતા. એક હતો ત્રીસેકનો લશ્કરી સીનો ધરાવતો જુવાન. નામ એનું અજય વર્મા, પ્રાઈવેટ ડિટેક્ટીવ. એ લશ્કરમાં ઊંચે ને ઊંચે હોદ્દે ચડી રહ્યો હતો, પરંતુ સમાજમાં વ્યાપી રહેલાં અપરાધનાં અનિષ્ટો સામે લડવા લશ્કરમાંથી સ્વેચ્છા નિવૃત્ત થયો હતો. સાથે હતા હરિત દેસાઇ, ચાળીસેકની વયના વકીલ. હરિતભાઈએ અહીં નવા બની રહેલા બહુમાળી અમેરિકન ટાવરમાં પાંચમે માળે ઓફિસ રાખી હતી અને અજય એ જોવા આવી રહ્યો હતો. બંનેએ ઘણા અપરાધ કેસ સાથે ઉકેલ્યા હતા. દોસ્ત હતા.

બંને જણ અમેરિકન ટાવરની સામે પહોંચ્યા ત્યારે અજય જરાક ચોંકી ગયો હોય એમ થંભી ગયો. એની નજર આ ટાવર પર ચોંટી ગઈ હતી. પાંચમા માળની બે બારીઓને આવરી લેતું એક વિશાળ ચિત્ર લગાડવામાં આવ્યું હતું. આશરે પાંચ મીટર પહોળું અને દોઢેક મીટર ઊંચું એ ચિત્ર એક આંખનું હતું! ગંજાવર મોટી આંખ, જેની બધી બાજુએ જાણે સોનેરી કિરણો પ્રગટતાં હોય એવી ડિઝાઈન હતી.

‘અરે, આ શું? આવડી મોટી સોનેરી આંખ?’ અજય નવાઈ પામી ગયો. વાસ્તવમાં કોઈ પણ નવાઈ પામે એવું એ ચિત્ર હતું. વળી, માત્ર ચિત્ર હતું. આંખનું દવાખાનું એ એવી કશી વિગત નહોતી.

‘એક નવો ધર્મ પેદા થયો છે, ભાઈ!’ હરિતે જરાક વ્યંગમાં કહ્યું. ‘સૌ જાણે છે કે આપણા દેશમાં સતત પૂજાઓ બદલાતી રહે છે. ક્યારેક કોઈ માતા, ક્યારેક કોઈ આશારામ... અહીં નવા સૂર્યપંથનું મંદિર છે. સૂર્યનો મહિમા તો સદાયનો છે, અહીં એક સજ્જન સૂર્યને દેવાધિદેવ ઠરાવવા પ્રચાર કરે છે. એ પોતાને સૂર્યપુત્ર ગણાવે છે. દર રવિવારે તો જબરો મેળો જામે છે.’

‘ટાવરમાં બીજું કોણ કોણ છે?’

‘બસ, ચોથે માળે બે બહેનો ઈન્ફર્મેશન ટેક્નોલોજીમાં કામ કરે છે. આઈટીમાં પાંચમે માળે હું છું. છઠ્ઠે માળે સૂર્ય મંદિર!’

‘અચ્છા, સૂર્ય! જગતભરકી રોશનીકે લિયે, કરોડોકી જિંદગી કે લિયે... એ સૂર્ય, પણ આવી રાક્ષસી કદની આંખ ચીતરવાનો શો મતલબ?’ અજયે પ્રશ્ન કર્યો.

‘મને જાણવા મળ્યું છે ત્યાં સુધી આ લોકોની માન્યતા એવી છે કે સૂર્ય સમગ્ર વિશ્વને નિહાળનાર આંખ છે અને કહે છે કે, સૂર્યની સામે આંખનું ત્રાટક કરી શકે એ સંપૂર્ણ સ્વસ્થ માણસ ગણાય!

‘ભલા માણસ, જે માણસ ખરેખર સ્વસ્થ હોય એ સૂર્ય સામે જોવાની ભૂલ પણ ન કરે,’ અજયે કહ્યું.

‘મને પણ થોડુંક એવું લાગે છે, પણ હું એટલું જાણું કે આ નવો ધર્મ પંથ સૂર્યોપાસનાનો પંથ છે અને એમનો આ પેગંબર સૂર્યપુત્ર દાવો કરે છે કે અમારો પંથ જગતમાં તમામ દુઃખદર્દ દૂર કરી શકે છે.’

‘એમ કે? એ લોકો એક માનસિક બીમારી દૂર કરી શકે એમ છે?’

‘એ કઈ બીમારી?’

‘મને કોઈ બીમારી નથી એવા માનસિક ભ્રમની બીમારી!’

અલબત્ત આ પ્રશ્ન કોઈ પ્રશ્ન નહોતો. પોતપોતાના પંથ દ્વારા બધી બીમારીઓ દૂર કરવાના દાવા કરનારા પર એ કટાક્ષ હતો. એટલે હરિતભાઈએ પણ એનો ઉત્તર વાળવાનું ટાળ્યું. એને બદલે, ટાવર ભણી ડગલાં ભરતાં એણે પોતાની ઓફિસવાળા માળની નીચેના, એટલે ચોથા માળ પર ઓફિસ ધરાવતી બે બહેનોની વાત શરૂ કરી. આશરે અઠ્ઠાવીસ-ત્રીસ સુધી કુંવારી રહેલી એ બહેનો ઈન્ફર્મેશન ટેક્નોલોજીની એટલે કોમ્પ્યુટરના કામની જાણકાર હતી. હરિત ઘણી વાર પોતાના મોબાઈલ ફોનમાં આવેલી માહિતી કે લેખ છપાવવા માટે આ બહેનોની ઓફિસે જતો. મોટી બહેન ઊંચી અને સપ્રમાણ શરીરની હતી. ધ્યાનપાત્ર તો એની આંખો હતી. એ આંખો સ્થિર રહેતી. બહુ મટમટતી નહિ. એ જાણે સામેવાળાની આરપાર જોતી હોય એમ નજર માંડતી!

નાની બેન કદમાં પણ નાની હતી. એનો વર્ણ જરાક ઘાટો હતો. આંખો સતત ફરક્યા કરતી. જાણે એ કશુંક શોધતી હોય, જાણે સામેવાળાને માપતી હોય. કશાક પેંતરા ભરતી હોય.

બંને બહેનો પેન્ટ-શર્ટ પહેરતી. કોલર ઊંચા રાખતી. સતત કોમ્પ્યુટર કી-બોર્ડ ટપાર્યા કરતી. મોટી તો એવી રીતે આગળ નમીને કી-બોર્ડ ટપારતી જાણે સૂક્ષ્મ નિરીક્ષણ કરતી વિજ્ઞાની હોય.

હરિતે જણાવ્યું કે મોટીનું નામ પૂર્ણિમા શેઠ હતું અને તે એક કરોડોપતિની વિધવા હતી. ગંજાવર બેન્ક ડિપોઝિટો ધરાવતી હતી અને પુષ્કળ શેર... પરંતુ એનો જીવ ધર્મમાં અને જનકલ્યાણમાં હતો. એની સાથે વાત કરવાનો પ્રસંગ પડે ત્યારે દરેક વેળા એ પોતાના ધનનો પવિત્ર ઉપયોગ કરવાની વાત કરતી. થોડા માસ અગાઉ જ, એના આગ્રહથી બહેનોએ અહીં ઓફિસ રાખી હતી.

નાની બેનનું નામ જાનકી શેઠ. એ દુન્યવી વહેવારમાં માનતી લાગતી હતી. ગંભીર રહેતી. મોટી બેનનો પડ્યો બોલ ઝીલતી. એ પરણી નહોતી અને બંનેના પિતા સાધારણ આદમી હોવાથી એ ધનવાન નહોતી. મોટી બેનની સાથે હતી ખરી, પણ એની હાલત લગભગ સેવક જેવી હતી. મોટી બહેન તો કરોડોપતિની વિધવા હતી.

આ કરોડો જ કદાચ પૂર્ણિમાને કમાલનો આત્મવિશ્વાસ આપતા હતા અને એ વિશ્વાસે જ કદાચ એ અસાધારણ ખ્યાલો ધરાવતી હતી. દાખલા તરીકે એ લિફ્ટનો ઉપયોગ કરવામાં માનતી નહિ. હરિત ક્યારેક લિફ્ટમેન નીચે ઊતરે એની રાહ જોતો હોય ત્યારે પૂર્ણિમા નાકનું ટીચક ચડાવીને દાદર પર ચડી જતી. ક્યારેક લોકોના યંત્ર પર આધારિત રહેવા વિશે ટિપ્પણી કરી લેતી. મોટા મોટા ડોળા ફાડીને પંગુ બની રહેલા સમાજની ટીકા કરતી. એ યંત્રો-બંત્રોને છોડીને આત્મ આધારિત બનવાનો ઉપદેશ આપ્યા કરતી.

> **નાની બેન કદમાં પણ નાની હતી. એનો વર્ણ જરાક ઘાટો હતો. આંખો સતત ફરક્યા કરતી. જાણે એ કશુંક શોધતી હોય, જાણે સામેવાળાને માપતી હોય. કશાક પેંતરા ભરતી હોય**

સ્વભાવે સાવ મરચું હતી. એકવાર હરિત કશાક કામે એ લોકોની ઓફિસે ગયો ત્યારે જોયું કે એણે નાની બેનનાં ચશ્મા ખૂંચનવી લઈને ફર્શ પર ફેંક્યા અને પછી એના પર ખૂંદીને ચશ્માનો ચૂરો કરી નાખ્યો. પછી બરાડો પાડ્યો, ‘સૂર્ય ભગવાન હોવા છતાં આવાં બકવાસ સાધન વાપરવાની શી જરૂર છે? હવેથી જો આવું કશું કૃત્રિમ સાધન લાવીશ તો તારી ખેર નથી.’

આમ બરાડતી વેળા પૂર્ણિમાની આંખો મોટા મોટા ચમકતા લખોટા જેવી બની રહી. હરિત તો સૂર્ય ભગવાન પરની એની આ ઝનૂની આસ્થા જોઈને ડઘાઈ જ ગયો. એને હાજર જોઈને તો પૂર્ણિમાને ઓર શૂર ચડ્યું. એ બોલી, ‘આ લિફ્ટ, આ મોટરકાર, આ ચશ્મા.. બધી માનસિક બીમારી છે. જ્યારે જગતભરના પાલન અને પોષણ માટે સૂર્ય દેવતા હાજરાહજૂર છે ત્યારે આવાં સાધનોની શી જરૂર?’

પૂર્ણિમાના આ ઝનૂનથી ઘડીભર ડઘાઈ ગયેલા હરિતે જરાક સ્વસ્થ થઈને પૂછ્યું કે ચશ્માની જોડ તે માનવીની એવી કેવી નિર્બળતા સૂચવે છે કે એને કચડી નાખવી પડે? એ પણ વિજ્ઞાનની જ દેવી છે.

‘વિજ્ઞાનની દેન સામે મને વાંધો નથી. મોટરગાડી, લિફ્ટ... વોટર પમ્પ, રેલવે એન્જીન... બધી વિજ્ઞાનની દેન છે અને આખરે એ બધી સૂર્યદેવતાની દેન છે. તમે સમજો છો ને? બધાં યંત્રોની બધી ઊર્જાના મૂળમાં તો સૂર્ય ભગવાનની ઊર્જા જ છે ને? પણ પેલા લેભાગુ ડૉક્ટરો સાવ બિનજરૂરી ભયો બતાવીને નિરર્થક દવાઓ અને નિરર્થક સાધનોનો ધંધો કરે છે. સાવ નકામાં છે આ ચશ્મા! તમને તમારી માઓ અને આયાઓ સાવ નાની ઉંમરથી ભગવાન સૂર્ય નારાયણથી ડરવાનું શીખવે છે. બાકી જો નાનપણથી જ સૂર્યદેવતા સામે તાકવા સામે તાકવાનો મહાવરો કરાય તો આવા ફાલતુ સાધનની જરૂર જ ન પડે. હું ચશ્માને ધિક્કારું છું!’

‘વાહ’, હરિત. પ્રભાવિત થઈને બોલ્યો. ‘તમારું નિદાન અદ્ભૂત છે અને તમારી પ્રભાવક્તા સામે તો સ્વયં સૂર્ય પણ ઝાંખો પડે.’

આટલું બોલીને, એના શબ્દોને પ્રશંસા ગણવા કે ટીકા એવા અવઢવમાં પડેલી પૂર્ણિમાને છોડીને હરિત ઝટઝટ પાંચમે માળે પોતાની ઓફિસે પગથિયા ચડીને જતો રહ્યો. એ વિચારી રહ્યો હતો ‘છઠ્ઠા માળના પેગંબરે આ બાઈને બરાબર વટલાવી લાગે છે!’

કેટલાક સમયથી એ પણ પેલી વિરાટ આંખ અને સનાતન સૂર્યવંશીના સૂર્યપૂજાના પંથ વિશે જાણતો હતો. વળી, દરેક નવા દેવત્ત્વ તરફ ધસારો કરવાની માનવીય વૃત્તિને બળે અહીં પણ ટોળાં જામવા લાગ્યાં હતાં. એ પણ એ જોતો હતો. રવિવારે તો સૂર્યવંશી પોતાની છઠ્ઠા માળની જગાના વરંડામાં ઊભો રહીને બુલેટ સ્વરે સૂર્ય સ્તોત્રો બોલતો એ સાંભળવા શ્રદ્ધાળુઓના ટોળા જામતા હતાં. રવિવારે સવાર-બપોર-સાંજ પ્રાર્થના થતી અને અન્ય દિવસોએ ઊગતા સૂરજની.

આજે રવિવાર હતો અને બપોર થયા હતા અને સૂર્યવંશીનો બુલંદ કંઠ ગર્જી રહ્યો હતો, પણ રોજના આ દ્રશ્યને અવગણીને હરિત ઝટપટ ટાવરના પોર્ચમાં ચડી ગયો. પોતાની સાથે આવેલો અજય પણ આમ જ આવી જશે, એવું એણે ધારેલું. પણ સદાયનો જિજ્ઞાસુ અજય આ ધર્માત્માને નિહાળવા અને સાંભળવા ઊભો રહી ગયો. સૂર્યવંશીએ ચળકતાં વસ્ત્રો પહેર્યા હતા. બંને હાથ ઊંચા પહોળા કર્યા હતા. એનો બુલંદ અવાજ કમ્પાઉન્ડમાં ઊભેલા ટોળું એક શ્રદ્ધાળુઓને મુગ્ધ કરી રહ્યો હતો. એ જરાય મટકું માર્યા વગર સૂર્ય સામે તાકી રહ્યો હતો!

અચાનક અમેરિકન ટાવરની અંદરથી એક મોટો ધબાકો સંભળાયો. ટોળામાંથી જે લોકો ટાવરની પોર્ચ નજીક ઊભાં હતાં, એમણે એ ધબાકો સાંભળ્યો. જેમ અજયે સાંભળ્યો. તરત જ કેટલાંક લોકો એ તરફ દોડ્યા. ત્યારે જ હરિત પોર્ચને મથાળે આવ્યો અને મોટે અવાજે બોલવા લાગ્યો, ‘અરે, કોઈ જાવ અને નજીકમાં નજીક જે ડૉક્ટર મળે એને બોલાવી લાવો.’

શું થયું છે એ જાણવા માટે અજય અને ચાર-પાંચ ભક્તજનો પોર્ચ પર ચડ્યા. હરિત ત્યારે પાછો વળીને લિફ્ટના બારણા નજીક ઊભો રહીને નીચે જોઈ રહ્યો હતો. નીચે લિફ્ટ ન હોતી. ત્યાં તો ઉપરથી પછડાયેલી પૂર્ણિમા શેઠ પડી હતી.

અને દેખીતું જ હતું કે એ મરી ગઈ હતી.

**(વાચકમિત્રો, સાવ જ અનોખી આ રહસ્યકથાનો આગામી હપ્તો વાંચવાનું ચૂકતા નહિ. હમણાં વાંચો ગત રહસ્યકથાનો ઉકેલ.)**

## રહસ્યકથા ‘સમયસર’નો ઉકેલ

થોથવાતા અને ગૂંચવાતા રવિ દલાલના અસ્પષ્ટ પ્રશ્નનો સ્પષ્ટ જવાબ અજયે આપ્યો, ‘‘રમાબેનને ઘરે આપણી તેજતર્રાર ડિટેક્ટીવ રાધિકા ચેટરજી મહેમાન હતી. એને જ્યારે રમાબેને ઘડિયાળ આપોઆપ સરખી થઇ જવાની અને રવિ દલાલની સમયસરતાની વાત કરી ત્યારે 10.41ને બદલે 10.43ની વાત સાંભળતા જ શંકા પડી. અધૂરામાં પૂરું, તમે છેલ્લે ચન્દ્રાબેનની વેદનાનું નામોનિશાન ન રહ્યાનું કહ્યું, એ પણ રમાબેનને ભેદી લાગ્યું. એમણે તરત જ પોલીસ બોલાવી ચન્દ્રાબેને બારણું ન ખોલ્યું ત્યારે શંકા પાકી થઇ. પછી તો પોલીસને ચન્દ્રાબેનની લાશ મળી.’’